सत्यमेव जयते


નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી
બ્લોક નં. ૧૪/૬, સરદાર પટેલ ભવન
નવા સચિવાલય, ગાંધીનગર
ફોન : (૦૭૯) - ૨૩૨૫૧૧૭૦
Email : dire-cs-fcs@gujarat.gov.in

તારીખ : ૧૦/૦૧/૨૦૨૪

નં.PDS/NFSA/e-KYC/રેશનકાર્ડ/લાભાર્થી/.નં.૧૬/૨૦૨૩

પ્રતિ,

(૧) અન્ન નિયંત્રકશ્રી,
અમદાવાદ શહેર.

(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,
જિલ્લા: તમામ

વિષય: "My Ration" એપ્લિકેશન વડે Face Authentication આધારિત e-KYC કરવાની SOP અંગે જાણ તથા એપ્લિકેશન મારફત મળતી અરજી અન્વયે કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ: NIC, ગાંધીનગરના, તા.૨૧/૧૨/૨૦૨૩ના મેઈલ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા જણાવેલ ૧૦૦% e-KYCની કામગીરીને લક્ષ્યમાં રાખીને e-KYCની કામગીરી ઝડપી થાય તથા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(NFSA) હેઠળ નોંધાયેલા તમામ લાભાર્થીઓ ઘરે બેઠા e-KYC કરી શકે તે માટે "Face Authentication આધારિત e-KYC"ની સુવિધા "My Ration" એપ્લિકેશનમાં તૈયાર કરવામાં આવેલ છે. જેની SOP સંદર્ભિત મેઈલથી NIC, ગાંધીનગર દ્વારા તૈયાર કરી મોકલી આપેલ છે. (બિડાણમાં સામેલ છે.) તથા SOP મુજબ એપ્લિકેશનમાં e-KYC કરવાની પદ્ધતિ નીચે મુજબ છે.

- <u>આધાર આધારિત Face Authentication- e-KYC કરવા માટેનાં પગલાં:</u>

"My Ration" App ડાઉનલોડ કરો → "My Ration" App માં રેશનકાર્ડ લિંક કરો → "આધાર e-KYC" વિકલ્પથી e-KYC કરો

➢ <u>"My Ration" App માં રેશનકાર્ડ લિંક કરવાની રીત:</u>

સ્ટેપ:૧ Google Play store પરથી "My Ration" App ડાઉનલોડ કરો

સ્ટેપ:૨ હોમ પેજ પર ડાબી બાજુ ઉપરના ખૂણા પર દેખાતી ત્રણ આડી લાઈન વાળા ચિહ્ન પર ક્લિક કરો. ઓપન થતા વિકલ્પોમાં "પ્રોફાઈલ(Profile)" પર ક્લિક કરો.

સ્ટેપ:3 પ્રોફાઈલ પર ક્લિક કરી ઓપન થતા પેજમાં "તમારું રેશનકાર્ડ લિંક કરો" વિકલ્પ પસંદ કરતા રેશનકાર્ડ નંબર અને આધાર કાર્ડના છેલ્લા ૪ આંકડા નાખી "તમારું રેશનકાર્ડ લિંક કરો" પસંદ કરો.

સ્ટેપ:૪ ત્યારબાદ ઓપન થતા પેજ પર "હું સંમતિ સ્વીકારું છું" ☐ ચેક બોક્ષ પસંદ કરી "આધાર ઓટીપી જનરેટ કરો" પર ક્લિક કરી ઓટીપી જનરેટ કરો. ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો" પર ક્લિક કરો. ક્લિક કરતા "Ration card linked successfully, You can update details now"(તમારું રેશનકાર્ડ સફળતાપૂર્વક લિંક થઈ ગયેલ છે)" તેવો મેસેજ સ્ક્રીન પર દેખાશે.

નોંધ: *"My Ration" એપ્લિકેશનમાં રેશનકાર્ડ સફળતાપૂર્વક લિંક કર્યા બાદ e-KYC કરવા માટે એપ્લિકેશન બંધ કરી ફરીથી ઓપન કરો.*

- "e-KYC" કરવાની રીત: (માત્ર એવા જ સભ્યો જ આધાર e-KYC કરી શકશે જેમના આધાર નંબર રેશનકાર્ડમાં સીડ થયેલ છે.)

સ્ટેપ:૧ "My Ration" App ના હોમ પેજ પરના આધાર e-KYC મેનુ સિલેક્ટ કરો.

સ્ટેપ:૨ ત્યારબાદ સ્કિન પર દેખાતા "Download AadhaarFaceRd App" પર ક્લિક કરી એપ્લિકેશન ડાઉનલોડ કરો અને Face Authentication કરવા માટે આપેલ સુચનાઓ ધ્યાનથી વાંચી ☐ ચેકબોક્સ પસંદ કરી "કાર્ડની વિગતો મેળવો" પર ક્લિક કરો.

સ્ટેપ:3 રેશનકાર્ડ નંબર ચકાસો અને સ્કિન પર દેખાતો કોડ દાખલ કરી "કાર્ડના સભ્યોની વિગતો મેળવો(સ્ટેપ-૧)" પર ક્લિક કરો.

સ્ટેપ:૪ "આધાર e-KYC માટે સભ્ય પસંદ કરો" પર ક્લિક કરી જે સભ્યની e-KYC કરવાની હોય તેનું નામ પસંદ કરો. ત્યારબાદ "આ સભ્યમાં આધાર e-KYC કરો (સ્ટેપ-૨)" પર ક્લિક કરો.

સ્ટેપ:૫ મોબાઈલ સ્કિન પર પ્રદર્શિત થતી સંમતિ કાળજીપૂર્વક વાંચો અને "હું સંમતિ સ્વીકારું છું" ☐ ચેક બોક્સ પર ક્લિક કરો. ત્યારબાદ "ઓટીપી જનરેટ કરો (સ્ટેપ-3)" પર ક્લિક કરો. (આ ઓટીપી આધાર સાથે લિંક કરેલા મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે.)

સ્ટેપ:૬ મોબાઈલ નંબર પર આવેલ ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો (સ્ટેપ-૪)" પર ક્લિક કરો. ત્યાર બાદ ચહેરો કેપ્ચર(face capture) કરવા માટે કેમેરો ઓપન થશે. Face Authentication વખતે સ્કિન પર દેખાતી તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખો, આંખ બ્લિન્ક (આંખ પટપટાવો) કરો જેવી સુચનાઓને અનુસરો.

સ્ટેપ:૭ ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ સ્ક્રિન પર આધાર કાર્ડની વિગતો જેમ કે, જન્મ તારીખ, જાતિ(gender), નામ, સરનામું દેખાશે. જો તમે e-KYCની મંજૂરી માટે વિગતો મોકલવા માંગતા હોવ તો "મંજૂરી માટે વિગતો મોકલો" ઓપ્શન પર ક્લિક કરતાં તમારી અરજીની મંજૂરી માટેની વિનંતી(request) સંબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે

ઉપરોક્ત મુજબની પ્રક્રિયા "My Ration" Applicationમાં કર્યા બાદ અરજદારની અરજી સંબંધિત પુરવઠા કચેરીના નાયબ મામલતદાર/ઝોનલ ઓફીસરના Ration Card Management System (RCMS) લોગ-ઈનમાં પેજમાં RCMS -> My Ration Menu -> Face e-KYC Request મેનુમાં જોવા મળશે. (સ્ક્રિનશોટ બિડાણમાં સામેલ છે.)

નાયબ મામલતદાર/ઝોનલ ઓફીસર આ પેજ પર મળેલ અરજીના આધારે અરજદારના રેશનકાર્ડ અને આધારનો ડેટા જોઈ શકશે અને તે મુજબ પગલાં લેશે, જ્યાં e-KYCની અરજી રીમાર્ક્સ આપીને Approve/Reject કરશે.

ઉપરોક્ત મુજબ, "My Ration" એપ્લિકેશન મારફત મળતી Face Authentication આધારિત e-KYCની અરજી અન્વયેની SOP ધ્યાને લઈ તથા લાભાર્થીઓમાં "My Ration" એપ્લિકેશન વડે "Face Authentication આધારિત e-KYC" કરવાની પદ્ધતિ વિશે જાગૃતિ વધે તે અંગે સ્થાનિક કક્ષાએ વધુમાં વધુ પ્રચાર-પ્રસારની કામગીરી કરવા આથી જણાવવામાં આવે છે. જેથી, ૧૦૦% e-KYCનાં લક્ષ્યને સમયમર્યાદામાં હાંસલ કરી શકાય.

બિડાણ: ઉપર મુજબ

નિયામક
અન્ન અને નાગરિક પુરવઠા,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

(૧) નાયબ સચિવશ્રી (P.D.S), અ.ના.પુ.અને ગ્રા.બા.ના વિભાગ, બ્લોક નં.૧૪/૫મો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા સરકારશ્રી સ્તરેથી તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને જરૂરી સૂચના થવા વિનંતી સહ.

(૨) AD(I.T.)શ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.ના વિભાગ, બ્લોક નં.૧૪/૫મો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.